# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

## જાહેરખબર ક્રમાંક : ૨૩ થી ૨૫ / ૨૦૨૩-૨૪

**આસી.ટી.ડી.ઓ., ઈન્સ્પેકટર અને સબ ઇન્સ્પેકટરની જગ્યાઓ**

**તદ્દન હંગામી ધોરણે ૬ માસના કરાર આધારે ભરવા**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ અને નગર વિકાસ ખાતે ગૃડા ૨૦૨૨ સેલ – ૨૦૨૨ની કામગીરી અંતર્ગત નીચે જણાવેલ જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૬ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા વોક ઇન ઇન્ટરવ્યુ ગોઠવવાના થાય છે. જેમાં ઉમેદવારે પોતાના શૈક્ષણિક લાયકાત / અનુભવના અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે તેમના નામ, સરનામું, ઉંમર, શૈક્ષણિક લાયકાત / અનુભવની વિગત આ સાથે સામેલ નિયત ફોર્મેટમાં સ્વઅક્ષરે ભરી વોક ઇન ઇન્ટરવ્યુની તારીખે નીચે જણાવેલ સ્થળે અને સરનામે હાજર રહેવાનું રહેશે.

| જા * ખ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | ઉચ્ચક માસિક વેતન | રજીસ્ટ્રેશન તારીખ અને સમય | ઈન્ટરવ્યુ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૨૩ | આસી. ટી.ડી.ઓ. | ૧૦ | બી.ઇ.સિવિલ | રૂ. ૪૦,૦૦૦/- ફીક્સ | તા.૦૪/૧૦/૨૦૨૩ સવારે ૧૦.૩૦ થી ૨.૦૦ | તા.૦૯/૧૦/૨૦૨૩ |
| ૨૪ | ઇન્સ્પેકટર | ૨૫ | ડીપ્લોમા સિવિલ / બી.ઇ.સિવિલ | રૂ. ૨૫,૦૦૦/- ફીક્સ | તા.૦૪/૧૦/૨૦૨૩ સવારે ૧૦.૩૦ થી ૨.૦૦ | તા.૦૯/૧૦/૨૦૨૩ |
| ૨૫ | સબ ઇન્સ્પેક્ટર | ૨૫ | ડીપ્લોમા સિવિલ / બી.ઇ.સિવિલ | રૂ. ૧૫,૦૦૦/- ફીક્સ | તા.૦૪/૧૦/૨૦૨૩ સવારે ૧૦.૩૦ થી ૨.૦૦ | તા.૦૯/૧૦/૨૦૨૩ |

-: ઉપરોક્ત જગ્યા માટે અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :-

૧. ઉમેદવારે અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ ગણવામાં આવશે.

૨. પસંદગીમાં વયમર્યાદા રાખવામાં આવશે નહી.

૩. **મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા સરકારશ્રીના નગર વિકાસ/ એસ્ટેટ ખાતાની કામગીરીનો અનુભવ હોય તેવા નિવૃત્ત કર્મચારી હોય તેવા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની રહેશે.**

૪. લાયકાત અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૫. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

૬. ઉમેદવારે અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૭. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in જોતા રહેવા વિનંતિ છે.

૮. **ઉમેદવારોએ ઇન્ટરવ્યુ / અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે સ્વખર્ચે આવવાનું રહેશે.**

૯. પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૧૦. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૧૧. ઉમેદવારે અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૧૨. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૧૩. પસંદગી પામેલ ઉમેદવારે ૦૭ દિવસમાં ફરજ ઉપર હાજર થવાનું રહેશે. જે ઉમેદવાર નિયત સમય મર્યાદામાં ફરજ પર હાજર થશે નહીં તો પસંદગીનો હુકમ આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

૧૪. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૧૫. રજીસ્ટ્રેશન તા. ૦૪/૧૦/૨૦૨૩ ના ૦૨.૦૦ કલાક પછી કોઇપણ સંજોગોમાં રજીસ્ટ્રેશન થઇ શકશે નહી.

| | |
|---|---|
| **રજીસ્ટ્રેશન તારીખ** | **૦૪/૧૦/૨૦૨૩ બુધવાર** |
| **રજીસ્ટ્રેશન સમય** | **સવારે ૧૦.30 થી ૨.૦૦ કલાક** |
| **રજીસ્ટ્રેશનનું સ્થળ:** | **કોન્ફરન્સ હોલ, ડો. રમણભાઇ પટેલ ભવન, પશ્ચિમ ઝોન, ઉસ્માનપુરા, અમદાવાદ.** |
| **ઇન્ટરવ્યુની તારીખ** | **૦૯/૧૦/૨૦૨૩** |
| **ઇન્ટરવ્યુનું સ્થળ:** | **કોન્ફરન્સ હોલ, ડો. રમણભાઇ પટેલ ભવન, પશ્ચિમ ઝોન, ઉસ્માનપુરા, અમદાવાદ.** |

તા:30/૦૯/૨૦૨૩

સહી/-

મ્યુનિસિપલ કમિશનર